ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૭/૨૦-૨૧/ 3751

તારીખ 28 OCT 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૭/૨૦-૨૧

પ્રતિ,
**મે.શિવમ પેટ્રોલીયમ,**
ધારી બગસરા રોડ,
કિશાન ફાર્મ નજીક,
ઓમકાર સ્કુલ સામે,
મુ.અમરેલી.
**મો.નં. ૮૫૧૧૬ ૮૬૧૦૧**

**વિષય : કનેકશન શરૂ કયા પહેલા મોટી રકમનું બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨/૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૭/૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૭/૨૦-૨૧/૩૧૯૧ તા.૧૫/૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૭/૨૦-૨૧/૩૫૧૦ તા.૯/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૩/૧૦/૨૦૨૦નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
**વિભાગીય કચેરી-૧, અમરેલી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર ૧ વિભાગીય કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૭/૨૦–૨૧** ☜

વાદી :– **મે. શિવમ પેટ્રોલીયમ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– ૨૩/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી ખસીયા ઉતમભાઈ ભરતભાઈ** – ( વાદી ના પાર્ટનર )

પ્રતિવાદી :– **શ્રી કે.આર.પારેખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ખસીયા ઉતમભાઈ ભરતભાઈ, મું.અમરેલી ની કનેકશન શરૂ કર્યા પહેલા મોટી રકમનું બિલ આપવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૭/૨૦–૨૧/૩૧૯૧ તા.૧૫/૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૩/૧૦/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી મે.શિવમ પેટ્રોલીયમ વતી તેના પાર્ટનર શ્રી ખસીયા ઉતમભાઈ ભરતભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.આર.પારેખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર શ્રી મે. શિવમ પેટ્રોલીયમ, ધારી બગસરા રોડ, કિશાન ફાર્મ પાસે, ઓમકાર સ્કુલ સામે, અમરેલી કે જેઓ દ્વારા CNG માટે હયાત વિજ જોડાણ માં ફેરફાર કરીને ૯૩ KW જેટલો વિજ લોડ ની માંગણી જરૂરી ફી ભરીને કરવામાં આવેલ હતી.

૧.૨ આ કામગીરી દરમ્યાન, કોવિડ–૧૯ સંદર્ભે લોક ડાઉન જાહેર થતા PGVCL તરફથી કોઈપણ જાતની કામગીરી કરવામાં આવેલ નહી હોવા છતાં, અને અમોને PGVCL મેન્યુઅલ મુજબ નોટીસ પાઠવ્યા સિવાય તા.૩/૭/૨૦૨૦ ના રોજ રૂા.૫૬૦૫૪/– નું બિલ કોઈપણ કારણ કે નોટીસ પાઠવ્યા વગર આપી દીધેલ છે. તે કાયદાની જોગવાઈ અનુસાર બિલકુલ ગેરવ્યાજબી છે. અમોને એવું પણ લાગે છે કે, તમારા અધિકારીએ અમારા પરત્વે રાગદ્વેષ રાખીને આ હીન પ્રવૃતિ નોટીસ આપ્યા વગર કરેલ છે.

૧.૩ લોકડાઉનના વિકટ સમયમાં સરકારે અનેક પ્રકારની રાહત આપી છે ત્યારે, અમોને કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર આ કામગીરી કરવામાં આવી છે તે બિલકુલ ગેરવ્યાજબી અને કાયદા વિરૂધ્ધ ની છે. આપના પત્રમાં અધિકારી દ્વારા ટેસ્ટ રીપોર્ટ નું કારણ દર્શાવી દીધુ છે તે પણ બિલકુલ ગેરવ્યાજબી છે, નવા જોડાણમાં જ્યાં સુધી વાયરીગ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ટેસ્ટ રીપોર્ટ આપી શકાય નહી, અને આ કામનો ટેસ્ટ રીપોર્ટ અમો એ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ રજૂ કરેલ છે. ત્યારબાદ અમારૂં નવું વિજ જોડાણ ચાલુ થયેલ છે. જેથી, આવા ખોટા કારણો રજૂ કરવા અને ગ્રાહકોને ગેરમાર્ગે દોરવાની પ્રવૃતિ પણ દેખીતી રીતે હેરાન કરવા સહિત અન્ય મતલબ થી હોઈ શકે તેવું અમારૂં માનવું છે.

અમોને આ રકમ બાદ મળે અને બાકીની નિયત રકમ ભરપાઈ કરવા કાર્યવાહી થવા વિનંતી છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી મે.શિવમ પેટ્રોલીયમ, ધારી બગસરા રોડ, કિશાન ફાર્મ પાસે,ઓમકાર સ્કુલ સામે, અમરેલી ખાતે ગ્રાહક નં – ૮૩૧૫૪/૦૪૯૨૮/૨ થી ૨૫ KW નું વિજ જોડાણ અમરેલી પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. જેમાં, ગ્રાહક દ્વારા CNG માટે હયાત વિજ જોડાણ માં ૬૮ KW નો લોડ વધારો તા.૯/૧/૨૦૨૦ ના રોજ રસીદ નં–૬૩૬૭૩૪ થી રૂા.૧૧૮/– ભરી ને માંગવામાં આવેલ હતો. જે અંગે જરૂરી સર્વે કર્યા બાદ અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૩૦૭ તા.૧૬/૧/૨૦૨૦ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે ગ્રાહક દ્વારા તા.૧૭/૨/૨૦૨૦ ના રોજ અંદાજપત્ર ભરપાઈ કરવામાં આવેલ હતું. પરંતુ, ગ્રાહક દ્વારા જે તે સમયે ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ ન હતો.

ત્યારબાદ, અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી લાઈન ની કામગીરી માટે સુપરવાઈઝર સાથે કોન્ટ્રાકટર ની ગેંગ મોકલવામાં આવેલ હતી. પરંતુ, ગ્રાહક દ્વારા જુદા જુદા વાંધા રજૂ કરીને સ્થળ પર કામગીરી કરવા દીધેલ નહી. જે અંગે અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા ગ્રાહકને મૌખિક જાણ કરેલ કે, સ્થળ પર લાઈન કામગીરી કરવા દેવી અને વાયરીગ અંગેનો ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવો. પરંત, ગ્રાહક દ્વારા વારંવાર એવું જણાવવામાં આવતુ હતું કે, '' મારે હજુ CNG ગેસે અંગેનું કામ બાકી છે. મારે અત્યારે, વિજભાર વધારવાની જરૂરીયાત નથી.'' તેમજ ગ્રાહક તા.૨૫/૬/૨૦૨૦ ના રોજ પોતાના પત્રમાં જણાવેલ છે કે, સદર લાઈન ની કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. આમ, PGVCL દ્વારા નિયમ મુજબ લાઈન કામગીરી પણ કરવામાં આવેલ છે. આમ, PGVCL દ્વારા કામગીરી પૂર્ણ કર્યા બાદ પણ આપના દ્વારા ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરવામાં આવેલ ન હતો. જેથી, નિયમ મુજબ અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા E-Urja માંથી સદર SR માંથી TMN નોટીસ કે જેનો પત્ર નં–૧૫૫૮ તા. તા.૧૭/૩/૨૦૨૦ થી કાઢવામાં આવેલ હતી.

૨.૨ વધુમાં જણાવવાનું કે, આપની રજૂઆતમાં ગ્રાહકે જણાવેલ છે કે, નવા જોડાણમાં જ્યાં સુધી જરૂરી વાયરીગ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી, ટેસ્ટ રીપોર્ટ આપી શકાય નહી અને આ કામનો ટેસ્ટ રીપોર્ટ અમોએ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ રજૂ કરેલ છે. જે દર્શાવે છે કે, PGVCL દ્વારા લાઈન કામગીરી પૂર્ણ કર્યા બાદ પણ

ગ્રાહકને ત્યાં જરૂરી વાયરીંગ તેમજ અન્ય લોડ સાઈડ ની કામગીરી પૂરી થયેલ ન હતી. જે મુજબ ગ્રાહકને ત્યાં કામગીરી પૂર્ણ થતા, ગ્રાહક દ્વારા ટેસ્ટ રીપોર્ટ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને, સ્થળ પર ચેકીંગ શીટ નં–૦૩૮૮ તા.૧૭/૭/૨૦૨૦ થી સદર લોડ વધારો ફીઝીકલી રીલીઝ કરવામાં આવેલ છે.

૨.૩ કવોટેશન બાદ જો ટેસ્ટ રીપોર્ટ ભરપાઈ કરવામાં ન આવે તો, કંપની ના નિયમ મુજબ ના રોજ TMN નોટીસ કે જેમાં, બે માસની મુદત આપવામાં આવે છે. સદર કેસમાં નોટીસ મુજબ સમય મર્યાદા તા.૧૭/૫/૨૦૨૦ ની હતી. જે સમયમર્યાદા પૂર્ણ થતાં, વિજ જોડાણનું તે મુજબનું બિલીંગ કરવાનું હોય છે. આપના વિજ કનેકશનમાં પણ કંપની ના નિયમ મુજબ ટેસ્ટ રીપોર્ટ ના ભરતા, બે માસ બાદ એટલે કે, તા.૧૮/૫/૨૦૨૦ થી બિલીંગ ૯૩ KW મુજબ બનાવવામાં આવેલ છે. જે કંપની ના નિયમ મુજબ આપવામાં આવેલ છે. જે મુજબ મે–૨૦૨૦ અને જુન–૨૦૨૦ ના બિલમાં UC લોડ (૨૫+૬૮ = ૯૩ KW) મુજબ રૂા.૮૨૨૭/૫૮ + રૂા.૮૨૨૭/૫૮ = રૂા.૧૬૪૫૫/૧૬ વધારાના એડ કરવામાં આવેલ છે. જેની ગણતરી આ સાથે સામેલ છે.

૨.૪ આમ, કવોટેશન ભરપાઈ થયા બાદ ગ્રાહક દ્વારા સમયમર્યાદામાં કાર્યવાહી થયેલ ના હોઈ, તેમજ TMN નોટીસ મુજબ બે માસનો સમય પૂર્ણ થયા બાદ જ સદર વિજ કનેકશન માં વિજ બિલ ગ્રાહક દ્વારા માંગવામાં આવેલ લોડ વધારા મુજબનું બિલ આપવામાં આવેલ હતું. જે કંપનીના નિયમોનુસાર જ સદર કેસમાં કાર્યવાહી કરવામાં આવેલ છે. સદર કેસમાં ગ્રાહકને ગેરમાર્ગે દોરવાની કે ગ્રાહક સામે રાગદ્વેષ રાખવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☛ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.શિવમ પેટ્રોલીયમ શહેર અમરેલીમાં ૨૫ KW નું ઔધોગીક ૩ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૮૩૧૫૪/૦૪૯૨૮/૨ થી ધરાવે છે.

૩.૨ વાદીએ તા.૯/૧/૨૦૨૦ ના રોજ તેના હયાત વિજભાર ૨૫ KW માં ૬૮ KW ના લોડ વધારા માટે અરજી નોંધણી કરાવેલ. જેના માટે પ્રતિવાદી એ તા.૧૬/૧/૨૦૨૦ ના રોજ અંદાજપત્ર આપેલ. જે વાદીએ સપ્ટે–૨૦ ના રોજ ભરપાઈ કરી આપેલ.

૩.૩ પ્રતિવાદી એ વાદીના જોડાણમાં લોડ વધારા માટેની લાઈનકામની કામગીરી પૂર્ણ કરી વાદીને પત્ર નં–૧૫૫૮ તા.૧૭/૩/૨૦૨૦ ના રોજ Two Month Notice (TMN) ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવા માટે સાદી ટપાલ થી આપેલ. જે નોટીસની ૨ માસની સમય મર્યાદા તા.૧૭/૫/૨૦૨૦ ના રોજ પૂર્ણ થતી હતી.

૩.૪ વાદી એ તેના વિજ જોડાણમાં લોડ વધારાં માટેના ટેસ્ટ રીપોર્ટ તા.૧૬/૭/૨૦૨૦ ના રોજ રજૂ કરેલ. જેથી, પ્રતિવાદી એ વાદીના વિજ જોડાણ નો લોડ વધારો તા.૧૭/૭/૨૦૨૦ ના રોજ ચાલુ કરી આપેલ.

૩.૫ વાદી એતા.૧૬/૭/૨૦૨૦ ના રોજ ટેસ્ટ રીપોર્ટ રજૂ કરતા, પ્રતિવાદી એતા.૧૭/૭/૨૦૨૦ ના રોજ જરૂરી મીટર અંગેની કાર્યવાહી પૂર્ણ તા.૧૭/૭/૨૦૨૦ ના રોજ લોડ વધારો ચાલુ કરી આપેલ.

આમ, તા.૧૬/૭/૨૦૨૦ પહેલા પ્રતિવાદી એ વાદીને લોડ વધારો ચાલુ કરવા માટે લાઈન કામ પૂર્ણ કરેલ તેવું માની શકાય. પરંતુ, વાદી એ ટેસ્ટ રીપોર્ટ રજૂ નહી કરવાથી પ્રતિવાદી એ Two Month Notice ની સમય મર્યાદા પૂર્ણ થવાથી, તા.૧૭/૭/૨૦૨૦ થી ૯૩ KW નું બિલીગ ચાલુ કરેલ.

૩.૬ વાદી એ ફોરમને મૌખિક રજૂઆતમાં જણાવેલ કે, લોક ડાઉન ને કારણે તેઓ ગેસની ઈન્સ્ટોલેશન ની કાર્યવાહી થઈ શકેલ નહી. જેથી, લોડ વધારા માટેની મશીનરી સમયસર ઈન્સ્ટોલ કરી શકેલ નહી. તેમજ પ્રતિવાદી એ કરેલ રજૂઆત મુજબ પ્રતિવાદી એ તેમના વિજ બિલમાં એપ્રિલ અને મે માસ–૨૦૨૦ ના વિજ બિલ માં ૯૩ KW વિજભાર નો મીનીમમ ચાર્જ ની આકારણી કરેલ છે.

૩.૭ ઉપરના અવલોકનો ઉપરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ વાદીને Two Month Notice નો સમયગાળો તા.૧૭/૫/૨૦૨૦ ના રોજ પૂર્ણ થતો હોઈ, ત્યારથી ૯૩ KW વિજભારનું મીનીમમ ચાર્જ વસૂલવાને હકકદાર છે. તેથી, તા.૧૭/૫/૨૦૨૦ થી લોડ વધારો ચાલુ કર્યા તા.૧૭/૭/૨૦૨૦ સુધીનો ૯૩ KW નો મીનીમમ ચાર્જ વાદીને ભરવાપાત્ર છે.

Grievance Redressal Forum
P.G.V.C.L.

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :- ૨૩/૧૦/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.